**<u>મહે.કપડવંજના બીજા એડીશનલ ચીફ જ્યુડી મેજી.સાહેબની કોર્ટમાં, મુ.કપડવંજ</u>**

ફોજદારી કેસ નં.૯૯૫/૨૦૨૩
આંક–

શ્રી સરકાર :ફરીયાદી
(કપડવંજ રૂરલ પો.સ્ટે.પ્રોહી.ગુ.ર.નં.૧૧૨૦૪૦૨૮૨૩૦૧૦૬/૨૦૨૩)

વિરુધ્ધ

અરવિંદભાઈ શનાભાઈ વાઘેલા, :આરોપી
રહે.માલઈટાડી બારીયાભાગ, તા.કપડવંજ

ગુન્હો–પ્રોહીબીશન એકટ કલમ–૬૫(એ)(એ)મુજબ

–: ઠ રા વ :–

**૧.** આ કામના આરોપીએ અત્રેની અદાલતની હકુમતમાં તા.૩૧/૩/૨૦૨૩ ના રોજ કલાક ૧૨/૦૫ વાગે ચાર્જશીટમાં જણાવેલ બનાવ સમયે અને સ્થળે એક પ્લાસ્ટિકના ગેલનમાં આશરે ૩ લીટર જેટલો દેશીદારૂ કિમત રૂ.૬૦/–નો વગર પાસ પરમીટનો પોતાના અંગ કબજામાં રાખી જાહેરમાંથી મળી આવી પકડાઈ જતા તપાસ કરનાર અમલદારે તપાસને અંતે આરોપી વિરુધ્ધ હાલનુ પ્રોહીબીશન એકટ કલમ ૬૫–એએનું ચાર્જશીટ કરેલ છે.

**૨.** આ કામના આરોપી અદાલત સમક્ષ હાજર થતા તેઓને વિનામુલ્યે પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે. ત્યારબાદ આ કામના આરોપી સામે તહોમતનામુ ફરમાવી તેઓનુ ગુનાનુ નિવેદન નોંધવામાં આવેલ છે. તેમજ આરોપીએ અદાલત સમક્ષ અલગથી ગુના કબુલાત પુરસીસ રજુ કરેલ છે તે બાદ ગુના અંગે તેઓનુ નિવેદન લેતા અને પુછતા આરોપી ગુનો કબુલ છે તેમ જણાવે છે. આરોપી ગુનો કબુલ કરતા હોય તેઓને સજા અંગેની સમજ કરેલ છે. તેમ છતાં આરોપી ગુનો કબુલ કરવા માંગે છે તેમ જણાવે છે, તેવા સંજોગોમાં આરોપી વિરુધ્ધ ગુનો પુરવાર થતો હોય આરોપીને સજા અંગે સમજ કરેલ છે. આરોપીની રજુ કબુલાત પુરસીસની હકીકતો ધ્યાને લેતા તેઓ ગરીબ તથા કુટુંબકબીલાવાળા ઈસમ હોય તેઓની જવાબદારી ધ્યાને લઈ ગુના બદલ કોર્ટ સમક્ષ પસ્તાવો કરી દયા રહેમ કરવા તેઓએ વિનંતી કરેલ છે.

**3.** હાલના કામે તપાસ કરનાર અધિકારીએ આરોપી સામે પ્રોહી.એકટ કલમ ૬૫–એએ ના ગુનાનુ ચાર્જશીટ કેરલ છે. આરોપીની ગુના કબુલાત ધ્યાને લેતા આરોપીને સદર ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે અને સદરહુ ગુના અંગે કેસની હકીકતો તેમજ સંજોગો અને સજાની જોગવાઈઓ ધ્યાને લેતા આરોપીને પુરેપુરી સજા કરવાને બદલે **નામદાર ગુજરાત હાઈકોર્ટના જી.એલ.આર.૨૦૦૫, પેજ નં.૧૦૯ પરના સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવરજી હરચંદજી ઠકકરના** ચુકદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ આરોપીને હળવી સજા કરવી યોગ્ય અને ન્યાયી જણાય છે. આમ, આરોપીએ ગુનો કબુલ કરેલ હોય તે પરત્વે સમગ્ર હકીકતો લક્ષમાં લઈ ન્યાયના હિતમાં આથી નીચે મુજબનો હુકમ કરુ છુ.

**– હુકમ –**

આરોપી અરવિંદભાઈ શનાભાઈ વાઘેલા, રહે.માલઈટાડી બારીયાભાગ તા.કપડવંજ ને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૪૧ મુજબ પ્રોહીબીશન એકટ કલમ–૬૫એએ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી રૂ. ૧૦૦/–(અંકે રૂપીયા સો પુરા) રોકડ દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવે છે. વધુમા આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો દિન–૧(એક) ની સાદી કેદ ની સજા ભોગવવા હુકમ કરવામાં આવે છે.

મુદામાલનો નિયમ મુજબ નિકાલ કરવો.

હુકમ આજ તારીખ ૯ મી માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૩ના રોજ સ્પેશીયલ સીટીંગ દરમિયાન વાંચી સંભળાવી જાહેર કર્યો.

કપડવંજ
તા.૯/૯/૨૦૨૩

(હર્ષદ.એ.પંડયા)
એડી.ચીફ જયુડીશીયલ મેજી.,કપડવંજ
કોડ નં. જી.જે. ૦૧૨૦૩